Read in English

॥ વચનામૃત ॥

## અમદાવાદ ૩ : વડવાઈનું, ઉપશમનું

સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિરને સન્મુખ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન હતા ને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ વિરાજમાન હતી ને તે પાઘને વિષે ગુલાબના ને ચમેલીના હાર વિરાજમાન હતા તથા પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સમગ્ર મુનિમંડળ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, “જીવમાત્ર છે તે પંચવિષયને આધારે જીવે છે. તે કાં તો બાહ્ય પંચવિષયને ભોગવતો હોય; અને જ્યારે બાહ્ય પંચવિષયનો યોગ ન હોય ત્યારે અંતઃકરણમાં પંચવિષયનું ચિંતવન કર્યા કરે, પણ એ જીવ વિષયના ચિંતવન વિના ને વિષયને ભોગવ્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતો નથી. અને જેમ વડનું વૃક્ષ છે તેનાં જે મૂળ તે જ વડને લીલો રાખે છે; અને બીજાં સર્વે મૂળ ઊખડી ગયાં હોય ને જો એક વડવાઈ પૃથ્વીમાં ચોંટી રહી હોય તો પણ એ વડનું વૃક્ષ લીલું રહે છે. તેમ ઉપર થકી કદાચિત્ પંચવિષયનો ત્યાગ કર્યો છે પણ અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એ જ એને જન્મ-મરણનો હેતુ છે. એવા જે પંચવિષય તે પરમેશ્વરના ભક્તને કેવી રીતે જન્મ-મરણના હેતુ નથી? એ પ્રશ્ન છે.” પછી એનો ઉત્તર જેમ સમજાયો તેમ મુક્તાનંદ સ્વામીએ કર્યો પણ યથાર્થ સમાધાન થયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “લ્યો, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, **માયામય એવાં જે ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય, તેને ભગવાનના ચિંતવનને બળે કરીને જ્યારે ઉપશમ અવસ્થા વર્તે ત્યારે એ ભક્તને ઉપશમને બળે કરીને પંચવિષય જન્મ-મરણના હેતુ ન થાય.** જેમ

મહી જેવી કે સાબરમતી જેવી નદી બે કાંઠામાં વહેતી હોય ત્યારે હાથી, ઘોડા, વૃક્ષ સર્વે તણાઈ જાય પણ કોઈ ઠરી શકે નહીં; તેમ ઉપશમવાળાને પણ ગમે તેવા રમણીય ભોગ ઇન્દ્રિયોને ગોચર થયા હોય પણ જ્યારે અંતર સન્મુખ દૃષ્ટિ કરે ત્યારે જેવા પૂર્વજન્મને વિષે દેખ્યા હોય ને તે આ જન્મમાં વીસરી જાય છે, તેવી તેની વિસ્મૃતિ થઈ જાય છે. એવી રીતે જે ભક્તને વર્તતું હોય તે ઉપશમ કહેવાય. તે ઉપશમનો મહિમા અતિ મોટો છે. અને જે આ સંસારને વિષે અજ્ઞાની સ્ત્રી-પુરુષ હોય ને તેને પરણાવ્યા મોર અતિશય પ્રીતિ વર્તતી હોય. ને પછી તેને પરણાવીને ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ઉજાગરો ને પંથ કરાવ્યો હોય, ને પછી એ બેને ભેળાં કર્યાં હોય તો નિદ્રાને માર્યે એકબીજાંનાં રૂપનું કે સ્પર્શનું સુખ ભોગવવાને સમર્થ થાય નહીં; અને એકબીજાંને આલિંગન કરી રહ્યાં હોય તો પણ જેમ કાષ્ઠને સામસામાં બાંધી મૂક્યાં હોય તેમ સૂતાં હોય પણ પંચવિષયમાં એકે સુખ આવે નહીં. એ જો અજ્ઞાનકાળે સુષુપ્તિમાં ઉપશમને પામ્યાં છે તો પણ કોઈ જાતની વિષયની ખબર રહેતી નથી; તો જે જ્ઞાની છે ને પરમેશ્વરના સ્વરૂપને ધ્યાને કરીને ઉપશમદશાને પામ્યો છે તેને પંચવિષય કેમ બાધ કરે? ન જ કરે. માટે જે ઉપશમદશાને પામ્યો તેને પંચવિષય જન્મ-મરણના હેતુ થતા નથી."

પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, "ઉપશમદશા પામ્યાનો તમે કહ્યો જે આત્મારૂપે થઈને ભગવાનના ધ્યાન કરવારૂપ ઉપાય તે તો અતિ કઠણ છે. માટે તે વિના બીજો એનો સુગમ ઉપાય હોય તે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"એક તો ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય; અને બીજું ભગવાન ને ભગવાનના ભક્તની સેવા-ચાકરી, દર્શન કરવું તેમાં અતિશય વેગવાન શ્રદ્ધા વર્તતી હોય; એવો જે ભગવાનનો ભક્ત તેને એ ઉપશમદશા આવે છે.** પણ અમને એમ ભાસે છે જે, જે સેવક માની હશે તે તો કોઈને નહીં ગમતો હોય. અને માની સેવક પાસે જે ટેલ-ચાકરી કરાવવી, તે તો જેમ કાળ પડે ત્યારે મોટા માણસ પણ કોદરા ખાઈને જીવે, તેમ માની સેવકની પાસે સેવા-

ચાકરી કરાવવી તે પણ એવી છે. અને ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન હોય. માટે ધણીનું ગમતું કરે તે જ સેવક સાચો."

પછી શુકમુનિએ પૂછ્યું જે, "જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "મૂળજી બ્રહ્મચારી ને રતનજી એ અતિશય ક્યાં ડાહ્યા છે? પણ કલ્યાણનો ખપ અતિશય છે; માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતાં આવડે છે ખરું. અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈ-ભાઈ સર્વે જેવાં અમારા ગમતામાં વર્તે છે, તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા. કેમ જે, અયોધ્યાવાસીએ તો અતિશય જ સત્સંગ-પરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે; માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી. અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે; માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે. તે સારુ એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને કહ્યે કરવા દેવું નહીં. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે."

॥ ઇતિ વચનામૃતમ્ ॥ ૩ ॥ ૨૨૩ ॥

|| THE VACHANAMRUT ||

## AMDAVAD-3 : The Implanted Branch of a Banyan Tree; Upsham

On Fāgun vadi 2, Samvat 1882 [25 March 1826], Swāmi Shri Sahajānandji Mahārāj was sitting on a large, decorated cot that had been placed on the platform facing the mandir of Shri Narnārāyan in Amdāvād. A pink pāgh, decorated with garlands of roses and chameli flowers, adorned His head. At that time, an assembly of munis as well as devotees from various places had gathered before Him.

Thereupon Shriji Mahārāj asked the entire muni-mandal, "All jivas are dependent upon the panchvishays. Either they physically indulge in them, or if physical association is not possible, they think of them within the antahkaran - but the jiva is unable to remain for even a moment without thinking about or indulging in the panchvishays.

"Now take the example of a banyan tree. Everyone knows that the roots of a banyan tree keep the tree green. Even if all of its roots, except for a few minor roots, are uprooted, the banyan tree will still remain green. In the same way, one may have outwardly renounced the panchvishays, but if thoughts of them are entertained, then those thoughts become a cause of births and deaths. The question, then, is how can these panchvishays not become a cause of births and deaths for a devotee of God?"

Muktānand Swāmi attempted to answer the question but was unable to offer a satisfactory reply.

So Shriji Mahārāj said, "Here, I shall answer the question. When a devotee contemplates upon the form of God while behaving as the ātmā, i.e., independent of the traits of the three bodies, which are engulfed in māyā, then by the power of that contemplation of God, he behaves in a state of upsham. Then, due to the power of that upsham, the panchvishays do not become a cause of births and deaths.

"Consider the following analogy: When rivers like the Mahi or the Sābarmati are in full flow between their two banks, even elephants, horses and trees are all carried away; nothing is able to remain stationary. Similarly, for a person in the upsham state, regardless of how enticing the objects presented before

the indriyas are, when he focuses his attention within, they are forgotten, just as those vishays seen in past lives are forgotten in this life. Such behavior of a devotee is known as upsham.

“Such upsham is indeed extremely important. Suppose an ignorant man and woman who are engaged in worldly life and who have intense love for each other before marriage are then married and made to stay awake and walk continuously for three days and nights. Then when they are united, due to their fatigue, they will be incapable of enjoying the pleasure of each other’s beauty or touch. Even if they embrace each other, they would sleep like logs tied together but would not experience any enjoyment from the panchvishays. So if they have no awareness of the vishays due to upsham attained by ignorance during deep sleep, then how can the panchvishays bind the enlightened person who attains the state of upsham by the meditation of God’s form? They certainly do not bind him. Therefore, the panchvishays are not a cause of births and deaths for one who has attained upsham.”

Thereupon Nityānand Swāmi commented, “The method You have described for attaining the state of upsham, i.e., meditating upon God after ātmā-realization, is very difficult. Please tell us if there is another, easier method apart from that.”

Shriji Mahārāj said, “A devotee of God who, firstly, deeply understands the greatness of God, and secondly, does darshan of God and serves Him and His Bhakta with extremely intense shraddhā attains that upsham state.

“Yet, it appears to Me that an egotistical servant will not be liked by anyone. To have an egotistical servant serve one is like when during a famine, even the rich survive by eating kodrā; having an egotistical servant to serve one is similar to this. The master is not as pleased with an egotistical servant as much as he is with a humble servant. Therefore, he who does whatever pleases the master is a true servant.”

Shuk Muni then asked, “How can one without wisdom and understanding please his master?”

Shriji Mahārāj replied, “Even though Mulji Brahmachāri and Ratanji are not extremely intelligent, they have an intense yearning for liberation. So they do indeed know how to do whatever pleases God.

"Also, currently, even the paramhansas and the sānkhya-yogi and karma-yogi satsangis do not behave as per My liking as do all of the Ayodhyāwāsi men and women. Why? Because the Ayodhyāwāsis have totally dedicated their lives for the Satsang fellowship. Therefore, nobody knows how to please God like the Ayodhyāwāsis. Moreover, these Ayodhyāwāsis are extremely trusting; a cunning person can cheat them. Therefore, if they wish to commence any activity, they should be allowed to do so only after consulting the senior paramhansas and senior satsangi householders. But they should not be allowed to do that activity based on the word of a single person. In this manner, the renunciants and householder satsangis should look after the Ayodhyāwāsis. This is My order."

Vachanamrut ll 3 ll 223 ll